# ખેલ મહાકુંભ સન્માન સમારોહ - 2018

OKC Sankul

Shaping up the career

કિસાન માધ્યમિક વિદ્યાલયમાં ખેલ મહાકુંભ માં વિજેતા વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ તારીખ 2/11/2018 ના રોજ યોજાઈ ગયો. કિસાનમાધ્યમિક વિદ્યાલયમાં ખેલમહાકુંભ 2018 મા ખુબ મોટી સંખ્યામાં રજિસ્ટ્રેશન થયાબાદ તાલુકા કક્ષા ,જિલ્લા કક્ષાએ અને રાજ્ય કક્ષાએ ઘણી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ સફળતા મેળવી અને ગુજરાત રાજ્યમાં કિસાન માધ્યમિક વિદ્યાલય નું નામ રોશન કર્યું છે.આ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરવા અને તેમનું સન્માન કરી એમનો ઉત્સાહ વધારવા તેમજ અન્ય વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ બને તે માટે આ સન્માન સમારોહ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં જિલ્લાશિક્ષણાઅધિકારીનીકચેરી,મહીસાગરના શિક્ષણનિરીક્ષક શ્રી જે.એસ.પટેલ સાહેબ તેમજ શ્રી યુ.બી.માલીવાડ સાહેબ હાજર રહી બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો. વિદ્યાર્થીઓની સાથે સાથે ભાગ લીધેલ શિક્ષક મિત્રો અને વિજેતા થયેલ શિક્ષકમિત્રોનુ પણ સન્માન કરવામાં આવ્યું હતું.કુલ ૧૮ વિદ્યાર્થીઓ ૫ શિક્ષક મિત્રો અને ૫ દિવ્યાંગ વિદ્યાર્થીઓનો પણ સમાવેશ થાય છે સમગ્ર સંકુલ દ્વારા પ્રાપ્ત થયેલી કુલ રકમ 158000/- જેટલી ખૂબ મોટી રકમ રાજ્ય સરકાર

પાસેથી પ્રાપ્ત કરેલ છે. જેમાં જુડો સ્પર્ધા માં સંકુલનો એક વિદ્યાર્થીએ રાજ્યકક્ષાએ બ્રોન્ઝ મેડલ પણ પ્રાપ્ત કરેલ છે. કાર્યક્રમમાં પધારેલા આદરણીય શ્રી જે.એસ.પટેલ સાહેબે અને યુ.બી.માલીવાડ સાહેબે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. અને શાળાને અભિનંદન પાઠવ્યા હતા.

સંકુલમાં વિજેતા બનેલા તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષક મિત્રોને સંકુલના પ્રમુખશ્રી મૌલિકભાઈ પટેલ સાહેબે અભિનંદન પાઠવેલ છે.





**Congratulations to all....**